गोरक्षाप्रकाश.

રચનાર

કહાનજી ધર્મસિંહ.

સુબોધસંગ્રહ, સુબોધકાવ્ય, સુબોધગરબાવળી, પદ્યરત્ન
વગેરે રચનાર અને પરમપદબોધિની, સુભા-
ષિતલહરી, સાહિત્યસંગ્રહ ઇત્યાદિ
પ્રસિદ્ધ કરનાર.



પ્રસિદ્ધ કરનાર,

મોતીચંદ કપૂરચંદ ગાંધી.

મુંબઈ

એજ્યુકેશન સોસાયટીના છાપખાનામાં છાપ્યું છે.

સંવત્ ૧૯૪૮.   ઇ. સ. ૧૮૯૧.


મૂલ્ય રૂ. ૦।≈

ગોરક્ષાપ્રકાશ.

રચનાર

કહાનજી ધર્મસિંહ.

સુબોધસંગ્રહ, સુબોધકાવ્ય, સુબોધગરબાવળી, પદ્યરત્ન
વગેરે રચનાર અને પરમપદબોધિની, સુભા-
ષિતલહરી, સાહિત્યસંગ્રહ ઇત્યાદિ
પ્રસિદ્ધ કરનાર.



પ્રસિદ્ધ કરનાર,

મોતીચંદ કપૂરચંદ ગાંધી.

મુંબઈ:

એજ્યુકેશન સોસાયટીના છાપખાનામાં છાપ્યુંછે.

સંવત્ ૧૯૪૮. ઈ. સ. ૧૮૯૧.

મૂલ્ય રૂ. ૦।≡

BOMBAY:

PRINTED AT THE EDUCATION SOCIETY'S PRESS, BYCULLA.

मनहर.

रावळ श्री हरिसिंह रूपसिंहजीना सुत,
धीर शूरवीर परपीड हरनार छे;
हृदे दया क्षमा गुण नीति रीतिमां निपुण,
नित्य निरंजननुं चिंतन करनार छे;
सुखे दुःखे एक टेके चित्तवृत्ति स्थिर करे,
प्रतापी पुरुष एवा परम उदार छे;
'गोरक्षाप्रकाश' केरो लखीने आ लघु ग्रंथ,
अरपतां कान उर आनंद अपार छे. १

પ્રસ્તાવના.

પ્રત્યેક દેશની ઉન્નતિનો આધાર ખેતીવાડીપર રહેલો છે; ને ખેતીવાડીની ઉન્નતિ ગવાદિ શીંગડાંવાળાં પશુઓથીજ થાય છે. હમણાં હિંદુસ્થાનની જમીન રસકસ વગરની અને હિંદપ્રજા દિન પ્રતિદિન નિર્માલ્ય-કંગાળ થતી જાયછે, તેનું શું કારણ હોવું જોઈએ? વાંચનારે ઝટ સમજી શકશે કે ખેતવાડીની પડતી અને નિર્દોષ પશુઓનો નાશ થાય છે તેજ છે.

આ ટૂંકમાં દેખાડેલી બે પ્રકારની દુર્દશા સાધારણ અથવા જેવી તેવી નથી. તે મટાડવાને ઘટતા ઉપાયો યોજવા, એ માત્ર આર્ય-પ્રજાનુંજ નહિ, પણ તમામ પ્રજાનું અને રાજ્યકર્ત્તાનું કર્ત્તવ્ય છે. પ્રભુકૃપાએ અને પુખ્ત પ્રયત્ને પશુપાલન થવા લાગશે, તો ખેતી-વાડીની અને આખા દેશની શારીરોન્નતિ, આત્મોન્નતિ અને સા-માજીક ઉન્નતિ થતાં કંઈ વિલંબ લાગશે નહિ. પરંતુ પશુપાલન નહિ થવાથી, ખેતિવાડીની કેવી સ્થિતિ થઈ છે; લોકો કેવાં નિર્ધન અને ધંધારોજગાર વગર રખડેછે; દૂધ, ઘી નહિ મળવાથી મનુષ્યોનું આયુષ્ય ટૂંકું થયું છે; દરવર્ષ બાળકોનાં વધારે મરણ નિપજે છે;—ઇત્યાદિ અનેક અગત્યના વિષયોનું સરકારી હિ-સાબને આધારે, આ લઘુ પુસ્તકમાં દિગ્દર્શન કરાવ્યું છે. **अहिंसा परमो धर्मः** એ આર્યસિદ્ધાંત પ્રસિદ્ધ છે: તેને મળતા ઘણા સિદ્ધાંતો ઇતર સદ્ધર્મમાંથી મળી આવેછે; પરંતુ ધર્મશાસ્ત્રની વાત ક્ષણભર બાજુ મૂકી, અર્થશાસ્ત્ર અને નીતિશાસ્ત્રની રીતે દેશસ્થિતિનો વિચાર કરશું તો સ્પષ્ટ સમજાશે કે, હિંસાના દુષ્ટ કર્મથીજ આપણને મોટી મોટી હાની થાયછે, માટે તેનો સત્વર અટકાવ કરવો.

એ અટકાવ કરવાને કેવાં કેવાં સાધનો કામે લગાડવાં, તે માટે યથાશક્તિ મુંબઇ, હરદ્વાર, નાગપુર, પુના, પોરબંદર, ભાવનગર,

ઇત્યાદિ સ્થળે ગોરક્ષક મંડળીઓ જે પ્રયત્ન કરેછે, તે સ્તુતિપાત્ર છે; કારણ તેમાં આપણી વર્તમાન અને ભાવિપ્રજાના અસંખ્ય લાભો સમાયલાછે. મુંબઇમાં આવી હીલચાલ કરવાનું માન, શેઠ બેહેરામજી દીનશાહજી પાંડે અને શેઠ દામોદર ગોકળદાસને આપવું જોઇયે. ઉક્ત ગૃહસ્થો વ્યાપારી અને ઉદ્યોગી છતાં, કરાપણ સ્વાર્થ વગર ઑનરરી સેક્રેટરી દાખલ તન મન ધનથી જે પ્રયત્ન કરેછે તે વખાણવા લાયક છે. મી૦ પાંડે પારસી ગૃહસ્થ છતાં, ઉત્તમ આર્ય જેવા સદાચારી છે. માંસ મદ્યનો બાળપણથીજ ત્યાગ કરીને, પોતાની નાતજાતના સેંકડો મનુષ્યોને એ અશુભ માર્ગે જતા અટકાવ્યાછે; એટલુંજ નહિ, પણ વેજીટેરીયન મંડળી સ્થાપી, પ્રાણીમાત્રનું રક્ષણ થાય, તેવો સદોદિત પ્રયત્ન કરેછે. શેઠ દામોદરે મંડળીના ફંડમાં નાણાની મોટી રકમો આપવા ઉપરાંત, પોતાના તીર્થરૂપ પિતાજી ગોકળદાસ મનજીને નામે "ગોકુળ ગૌશાળા" સ્થાપન કરી છે ને તેમાં ઢોરોનું રૂડી રીતે પાલન પોષણ થાયછે. વળી જાતે સુલેહના અમલદાર અને દેશી કાપડના વેપારીઓની મંડળીના ઉપપ્રમુખ છતાં, નિરંતર પ્રીતિપૂર્વક એ કામમાં ભાગ લેછે. ઉક્ત બે ગૃહસ્થો ઉપરાંત ત્રીજા એક તરૂણ પણ ઉમંગી, આનંદી, અને આગ્રહી નર તે જીવરાજ જેઠાભાઈ કુરલેકર છે. ગોરક્ષણના કામમાં અહોનિશ કાળજી રાખી, ગોમાતાની ભક્તિમાં પરાયણ રહેછે; કે જેના જેટલો તન મનથી પ્રયત્ન કરનાર આજે અત્રે કોઈ નથી, એમ કહીએ તો ચાલે. બીજા ઘણા ભદ્ર પુરૂષોથી આ ભરતભૂમિ ભરપુર છે, પણ તેઓ દેશહિતનાં આવાં કામમાં જોડાય તો કેવી મઝા પડે !!

છેવટ મારે જણાવવું જોઇયે કે, લોકોના મનમાં ગોરક્ષણની સમજ બરાબર ઉતરે ને તે રસ્તે આ આપણા શિથીલ વિથીલ થયેલા દેશની સ્થિતી સુધરે, એજ આ લઘુ પુસ્તકનો હેતુ છે. દ્રવ્ય મેળવવાના લોભે આ પુસ્તક પ્રગટ કર્યું નથી; પરંતુ તેથી

જે કાંઈ ઉત્પન્ન થશે તેનો ઉપયોગ આવાંજ પુસ્તક પ્રસિદ્ધ કરવામાં થશે.

ઘણા દિવસની મારી આ ધારણા પાર લાવવામાં, રાજ્યશ્રી કહાનજી ધર્મસિંહે આપેલી અમૂલ્ય મદદને માટે હું મોટો આભાર માનુંછું; કે જેણે કશા પણ પોતાના લાભવગર, ગોરક્ષક મંડળીને "ગોરક્ષકગરબાવળી"ની છ હજાર પ્રતો મફત છપાવવાની છૂટ આપી હતી; ને એમજ પ્રમાણે આ "ગોરક્ષાપ્રકાશ" રચી આપવાથી, તેની બે હજાર પ્રતો મેં પ્રગટ કરી છે.

મુંબઈ, વિજયાદશમી.
સંવત્ ૧૯૪૭.

મોતીચંદ કપુરચંદ ગાંધી,
પ્રસિદ્ધકર્ત્તા.

अंनुक्रमाणिका.

गोरक्षाप्रकाश.

गोरक्षक* मंडळी

તરફથી

પ્રજાને વિનંતી.

આ દેશની છત્રીશ કરોડ માણસની વસ્તીમાંથી, વીશ કરોડ માણસો તેમનો ધંધો રોજગાર ખરાબ સ્થિતિમાં આવી જવાથી, ફક્ત ખેતીવાડીના આધારે પોતાની આજીવિકા ચલાવે છે; અને દરવર્ષ તેવા માણસોનો તેમાં ઉમેરો થતો જાયછે. આમ છતાં ખેતીનો ઉદ્યોગ પણ બીજા રોજગારોની પેઠે ઘણી નબળી સ્થિતિમાં પડેલો છે. જમીનમાં રસકસ રહ્યો નથી; પેદાશ પૂરી થતી નથી; અને સરેરાશ એક એકર જગ્યામાં પણ દશ બુશલ અનાજ પાકતું નથી. વસ્તી વધવાથી ભાડું અને ગણોત વધી ગયાં છે; એક ત્રતીયાંશ કરતાં વધારે ખેડુતોનો ભાગ કરજદાર થઈગયો છે; ને દરેક માણસની વારસીક પેદાશ, મુંબઈ ઈલાકામાં જણ દીઠ રૂ. ૨૦ ની અને વાયવ્ય પ્રાંતમાં રૂ. ૧૫ ની ગણતાં સરેરાશ રૂ. ૧૮ નીજ (સર ઈ. બેરીંગના હેવાલ મુજબ) થાયછે.

જેમ વસ્તી વધેછે તેમ જમીનની તંગી પણ વધતી જાયછે. સાંચાના ઉદ્યોગમાં જેમ વધારો સુધારો થયો છે, તેમ ખેતીવાડીમાં પણ સુધારો વધારો થવો જોઈયે. આ દેશની વસ્તી, તેવો સુધારો વધારો અને તે સંબંધી પ્રયત્ન કરવાને બહુજ અશક્ત છે. વરાળથી ચાલતાં હળો, જાત જાતના સાંચાઓ, પાણી કહાડવા તથા ઉલેચવાનાં યંત્રો,—વગેરે સાધનો ખરીદવાને આ બાપડા ખેડુતોથી બને તેમ નથી. તે ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે ખેતીવાડી માટે ઘટતા ઉપાય લેવાની ઘણીજ જરૂર છે.

ખેતીના વધારાસારૂ જે વસ્તુઓ વખતસર જોઇયે, તે ખેતીવાડીનાં ઢોરોની નબળાઈને લીધે તેમજ થોડી સંખ્યાને લીધે, મળી શકતી નથી. હજારો એકર જમીન બળદોની તંગીને લીધે ખેડ્યા વિનાની વેરાન પડી રહી છે. મદરાસ ઈલાકામાં ૧૮ એકર તેમજ મુંબઇ ઈલાકામાં ૨૭ એકર જમીન ખેડવાને ફક્ત

એક બળદની જોડી હોયછે, અને આખા હિંદુસ્થાનમાં એક જોડીથી ફક્ત ૧૩ એકર જમીન ખેડવામાં આવેછે! તેનું કારણ આ દેશનાં ઢોરોની નબળી સ્થિતિનું છે. દર સાલ ઢોરોની સંખ્યામાં ૧૮૦ લાખનો ઘટાડો થાયછે; જે ખોટ નવાં જન્મેલાં ઢોરોથી પુરાતી નથી. દર સાલ એક કરોડ ઢોર રોગથી, ૫૦ લાખ ભૂખમરાથી અને ૩૫ લાખનો ચામડાં તથા ખોરાકના કારણસર નાશ થાયછે.

ફક્ત ખેતીવાડી ઉપરજ આધાર રાખનારા આ દેશને અને આ દેશના ખેતીકારોને ઉપર દર્શાવેલી ખોટ મહા ભયંકર છે; અને તેથી આપણી આબાદીને ભવિષ્યમાં મોટામાં મોટી હાની છે. એક વાત કે જે નહિ મનાય તેવી છે કે, હિંદુસ્થાનમાં ૨૦ કરોડ ખેડુતો છે અને ૧૯૭ લાખ એકર ખેડાયેલી જમીન છે. તે ખેડુતો પોતાના પોષણ માટે એશિયાખંડમાંથી ઘી અને માખણ લાવેછે; કે જેણે અહીં વિશેષ પેદાશ કરી પરદેશમાં નિકાશ કરવી જોઇએ. દૂધ, માખણ, ઘી, દિન પ્રતિ દિન મોંઘાં અને થોડાં થતાં જાયછે; તથા તે ગરીબ ખેડુતોને તો ક્વચિતજ મળેછે. હાલ આખા દેશમાં બાળકોનાં ઘણાં મરણ થાયછે, તેનું કારણ તેમને (દૂધ, ઘી વગેરે) સારો ખોરાક નહિ મળવાનુંજ છે. આ નુકશાન ઘણું ગંભીર છે; જેના ઉપાયરૂપ, હિંદુસ્થાનમાં શીંગડાંવાળાં ઢોરોનું રક્ષણ કરવાનો જે પ્રયત્ન થવા લાગ્યો છે, તે બરેબર કિંમતી છે; ને હિંદુસ્થાનનું હિત ચાહનારાઓએ એ પ્રયત્નને પુરતો ટેકો આપવો જોઇએ. ખેતીવાડીનાં ઢોરોનો દિવસે દિવસ ઘટાડો ન થાય તે માટે વિચાર કરવાને આ મંડળી, કેટલાક અનુભવસિદ્ધ ઉપાયો નીચે પ્રમાણે દર્શાવે છે:—

(क) શીંગડાંવાળાં ઢોરોમાંથી માદાનો વધ ન થાય તેવો કાયદો કાહાડવો જોઇયે. (તેમજ બળદો અને પાડાનો બચાવ કરવાની ખેતીવાડીને માટે બહુ જરૂર છે, માટે તેનો પણ કાયદો જોઇયે.)

(ख) ઠામ ઠામ જાનવરો માટે દવાખાનાં ઉઘાડવાં; અથવા દરેક જીલ્લામાં ઓછામાં ઓછી એક આસ્પિટલ સ્થાપવી.

(ग) દરેક ગામનાં ઢોરોને ચરવા માટે પુરતી જમીન છૂટી રાખવી.

(घ) દેશના ઘણા ભાગોમાં દૂધ, દહીં, ઇત્યાદિની દુકાનો ઉઘાડવી અને તેને મદદ કરવી.

એ ઉપાયોથી કેટલેક અંશે ઢોરોનો નાશ થતો અટકશે; અને રફતે રફતે તેથી ઘણો લાભ થશે. આ બાબતની ઘટતી કોશેશ કરવાને, તેને મદદ કરવાને તેમજ (યોગ્ય સ્થળે) માગણી કરવાને, સર્વે પ્રજાને વિનંતી કરવામાં આવેછે. આ ઉપાયો અમલમાં મેલવાનો આધાર રાજ્યસત્તા ઉપર રહેલો છે; તેથી આ મંડળી નામદાર સરકારનું પણ ધ્યાન ખેંચવા માગેછે.

ખેતીવાડીનાં જાનવરોનો હેવાલ, કે જે સરકારી પ્રેસમાંથી લીધેલો છે, તેથી સર્વે લોકોને નિવેદન થશે કે, ઉપલા ઉપાયોની ગેરહાજરીમાં આ ગરીબડા ઢોરાને કેટલું બધું નુકશાન છે, ને તે ઉપાયોની કેટલી બધી જરૂર છે.

ખેતીવાડીનાં જાનવરોનો હિસાબ ૧૮૮૫–૮૬.

પ્રાંત.	ગાય અને બળદો.	ભેંસ અને પાડા.	સર્વાળો.
મદ્રાસ........................	૪૬૭૦૭૨૩	૪૭૩૨૮૮૨	૯૪૦૩૬૦૫
મુંબાઈ........................	૫૩૫૨૮૯૬	૧૫૧૩૦૩૧	૬૮૬૫૯૨૭
બંગાળ........................	હિસાબ	મળ્યો નથી.	
વાયવ્ય પ્રાંતો	૧૨૩૪૨૦૨૧	૩૦૨૯૯૨૩	૧૫૩૭૧૯૪૪
આઉધ........................	૫૦૭૬૧૬૪	૯૯૫૮૨૩	૬૦૭૧૯૮૭
મધ્ય પ્રાંત.	હિસાબ	મળ્યો નથી.	
પંજાબ........................	૮૯૩૬૧૮૪	૨૪૪૮૯૧૬	૧૧૩૮૫૧૦૦
સર્વાળો...	....	....	૪૯૦૯૮૫૬૩

આ સર્વાળામાંથી ગાયો અને ભેંસો અરધો અરધ ગણતાં બાકી નીચે મુજબ આંકડા ખેતીવાડીના ઉપયોગના નર જાનવરો દરેક ઇલાકોમાં રહેશે.

મદ્રાસ	૪૭૦૧૮૦૨	[illegible]
મુંબઇ	૩૪૩૨૯૬૩	
વાયવ્ય પ્રાંત	૭૬,૮૫૯૭૨	
આઉદ	૩૦૩૫૯૯૩	
પંજાબ	૫૬૯૨૫૫૦	

મરદ જાનવરોનો-૨,૪૫,૪૯,૨૮૦ સર્વાળો.

નર જાનવરોની સંખ્યામાંથી ૧/૫ ભાગ નાનાં, ઘરડા અને અશક્ત જાનવરોનો તથા ગાડાંના ઉપયોગનાં ૩૦,૯૪,૩૦૬ બાદ કરતાં દરેક ઇલાકામાં ખેતીવાડીના ઉપયોગનાં જાનવરો નીચે મુજબ રહેશે.

મદ્રાસ	૩૦૮૭૫૨૬	[illegible]	૧૫૪૩૭૬૩ જોડ
મુંબઇ	૧૮૮૦૨૯૭		૯૪૦૧૪૮ ,,
વાયવ્ય પ્રાંત	૫૨૬,૫૫૨૦		૨૬૩૨૭૬૦ ,,
આઉદ	૨૩૦૫૯૧૯		૧૧૫૨૯૫૯ ,,
પંજાબ	૪૨૨૬૮૭૬		૨૧૧૩૪૩૮ ,,
સરવાળો.	૧૬૭૬૬૧૩૮	અથવા	૮૩૮૩૦૬૮ ,,

ખેડાયલી અને વગર ખેડાયલી જમીનનો હિસાબ ૧૮૯૫-૯૬.

પ્રાંત.	ખેડાયલી.			વગર ખેડાયલી.
	વાવેતરથી કરેલી.	પડતર પડેલી.	સરવાળો.	ખેડવા લાયકની.
મદરાસ એકર.	૨૨૪૬૩૨૫૩	૫૦૧૭૬૫૩	૨૭૪૮૦૯૦૬	૮૦૫૨૩૭૫
મુંબઈ.	૨૫૪૨૪૫૩૨	૬૭૬૫૮૨૦	૩૨૧૯૦૩૫૨	૬૩૯૯૦૩૪
વાયવ્ય પ્રાંત.	૨૫૧૦૨૯૭૫	૨૦૨૮૪૦૪	૨૭૧૩૧૩૭૯	૮૧૭૪૪૯૭
અયોધ.	૮૮૧૯૦૬૩	૪૩૩૬૯૩	૯૨૫૨૭૫૬	૩૩૬૯૫૮૦
પંજાબ.	૨૦૫૧૨૧૧૮	૪૬૯૭૫૭૫	૨૫૨૦૯૬૯૩	૨૦૬૪૧૮૦૧
સરવાળો.	૧૦૨૩૨૧૯૪૧	૧૮૯૪૩૧૪૫	૧૨૧૨૬૫૦૮૫	૪૬૬૫૪૨૬૯

ઉપર આપેલા આંકડાઓ ઉપરથી માલમ પડશે કે એક બળદની જોડથી નીચે પ્રમાણેની જમીન ખેડવામાં આવેછે.

પ્રાંત.	બરોબર લણાયલી જમીન.	પડતર જમીન સુદ્ધાંત.
મદ્રાસ	૧૪.૫	લગભગ ૧૮
મુંબાઇમાં	૨૭.૫	૩૪.૨૫
વાયવ્ય પ્રાંતમાં	૯.૫	૧૦.૫
અયોધ્યામાં	૯.૭૫	૮.૨
પંજાબમાં	૯.૭૫	૧૧.૭૫
સામટી રીતે આખા હિંદુસ્તાનમાં	૧૨.૫	૧૪.૫

બંગાલા ને મધ્ય પ્રાંત માટે પાંચ કરોડ ઢોરો વધુ ઉમેરતાં (કે જેને વાસ્તે હેવાલમાં જણાવ્યું નથી) સરેરાસ બ્રિટીશ હિંદુસ્તાનમાં જણ દીઠ અડધું ઢોર આવેછે. ખેતી મુખ્યત્વે કરીને બળદોથી કરવામાં આવેછે. અને ભાગ્યેજ પાડાઓને તે કામમાં વાપરવામાં આવેછે.

આ હેવાલથી, આપણી ખેતીવાડીનાં ઢોરોની જીંદગીના સંબંધમાં માલમ પડેછે કે, આખા દેશમાં ખેતીમાટે ઢોરોની સંખ્યા પુરતી નથી; કારણ ખેતીકામમાં જે જોઇએ તે ઓછામાં ઓછું લઇએ તોપણ જુદા જુદા દેશોમાં, ત્યાંની જુદી જુદી હવાને લીધે, ભિન્ન ભિન્ન કુદરતને લીધે અને જમીનના ગુણોને લીધે, સઘળામાં તફાવત હોય છે. તેવી ખેડાયલી જમીન (કે જે એક બળદની જોડીથી ખેડી શકીએ તે) ૪ થી ૫ એકર વાયવ્ય અને અયોધ્યા પ્રાંતમાં, ૮ એકર પંજાબમાં અને આશરે ૧૨ થી ૧૩ એકર મધ્ય અને દક્ષિણ હિંદુસ્થાનમાં ગણાય છે. હિંદુસ્થાનમાં આશરે આઠ એકર જમીન જે ખેડવાને લાયક હોય છે, તે વગર ખેડાયલી વેરાન હોયછે; પણ તે ખેડવા માગિયે તો તેને માટે પુરતાં ઢોરો જોઇયે.

દરવર્ષે ખેતીવાડીનાં ઢોરોનું થતું નુકસાન ભયંકર છે; જેની ગણત્રી એક કરોડ અને અઠાશી લાખ કરતાં જરાપણ ઓછી નથી. તેની વિગત:—

દરદથી ૧૦૦,૦૦,૦૦૦
કુદરતી મરણથી. ૫૩,૦૦,૦૦૦
કસાઇઓને હાથે ૩૫,૦૦,૦૦૦
૧,૮૮,૦૦,૦૦૦

} મી૦ એ૦ ઓ૦ હ્યુમના કહેવા પ્રમાણે.

બળદનાં અને બકરાંનાં ચામડાંની નિકાશ કરવા સારૂ તથા વેલાત માંસ મોકલવાને વાર્ષિક નુકશાની કસાઇઓને હાથે નીચે પ્રમાણે થાય છે.

બળદ અને બકરાંનાં ચામડાંની નીકાશઃ

સન ૧૮૬૫-૬૬. પાઊંડ ૬૦૯૮૦૩
,, ૧૮૭૦-૭૧ ,, ૨૦૨૦૮૩૭
,, ૧૮૭૫-૭૬ ,, ૨૯૪૪૯૩૪
,, ૧૮૮૦-૮૧ ,, ૩૭૩૫૬૮૦
,, ૧૮૮૫-૮૬ ,, ૫૩૩૬૨૨૯
,, ૧૮૮૬-૮૭ ,, ૫૧૪૯૩૫૮

} વીશ વર્ષમાં નવગણો વધારો થયો છે.

મી. જે. ઈ. ઓકોનર ઇંડિયા સરકારનો આસિસ્ટંટ સેક્રેટરી રિમાર્ક કરેછે કે, ચામડાં અને બકરાંના ચામડાંનો વેપાર આગલા વર્ષો કરતાં ઓછો હતો. તેઓની નિકાશ આ પ્રમાણે છે.

	સને ૧૮૮૫-૮૬.	સને ૧૮૮૬-૮૭
ચામડાં	૮૬૦૭૭૨૮	૮૪૯૩૩૮૮
બકરાંનાં	૪૯૪૭૫૭૯	૪૦૬૭૨૫૯

પણ આ ઓછી થયેલી રકમ એક મોટો વેપાર ચાલુ હોય એમ બતાવે છે; અને તે પણ હજુ સંતોષકારક નથી; કારણ કે જે સંખ્યાબંધ જાનવરો મારી નાખવામાં આવેછે, તેથી ખેતીને બહુ હાની થાયછે, માટે તેનો અટકાવ થવો જોઇયે. ચામડાંની જે કિંમત મળે છે તેથી ઢોરોની ખોટ કંઇ પૂરાતી નથી.

ગોમાંસનો વપરાસ.

ઘણે ભાગે ગાયનું માંસ લોકોના ખોરાકમાં આવતું નથી. તેની માગણી ફક્ત અત્રેના યુરોપિયન લશ્કર તરફથી થાયછે. હિંદુઓ ધર્મસંબંધી કારણોને લીધે મુદલ વાપરતા નથી; તેમ મુસલમાનો ઘણું કરી બકરા ઘેટાનું અને કોઇ વેળા ગાયનું અને મરઘાં-બતકાનું ખાય છે. હિંદુસ્થાનની વસ્તીનો મોટો ભાગ

હમેશાં દૂધ, ઘી, અને માખણથી તૃપ્ત રહેછે. પણ માંસને ખોરાક મુદ્દલ લેતો નથી. પરંતુ લશ્કરી લોકોની માગણી મોટી અને ચાલુ છે; ને તેજ નિર્દોષ પ્રાણીઓની કતલનું મોટું મૂળ છે.

વાંદરાનાં કસાઈખાનાનો હિસાબ.

મુંબઈની જાહેર વસ્તી અને કમીસરીયટ ખાતાં સારૂ કેટલાં જાનવરોનો વધ કરવામાં આવ્યો, તેનો હિસાબ. (વાંદરાની વસ્તીને પૂરૂં પાડયું તે સિવાયનો.)

સન	૧૮૮૩-૮૪,	૧૮૮૪-૮૫,	૧૮૮૫-૮૬,	૧૮૮૬-૮૭,	૧૮૮૭-૮૮
	૨૦૯૪૭	૨૨૬૫૯	૨૫૭૦૨	૨૬૩૮૭	૨૭૫૯૫

દર પાંચ વર્ષમાં વધારે ૩૧ ટકા લેખે.

વાંદરાના કસાઈખાનાનો આસિસ્ટંટ સુપ્રીન્ટેન્ડેન્ટ તા. ૩૧ મી જુલાઈ ૧૮૮૯ ને રોજ લખે છે કે,—હમો જે વધ કરીએ છીએ તેની વારસીક ગણત્રી ઉપરથી દરરોજની સરાસરીમાં ૫૫ ગાયો, ૧૫ બળદો, ૯ ભેંસ અને ૧૩૦૦ મેંઢાં બકરાં થાયછે. કમીસરીયટ ખાતું દરરોજ આશરે ૩ ગાય અને અઠવાડીયામાં એક વાર ૩૫ ઘેંટા મારે છે. તે સિવાય અઠવાડીયામાં કોઈપણ વખતે એક અથવા બે મેંઢા મારવામાં આવેછે.

ગાય અને બકરાંનું માંસ કુલ રતલ	૨૧૯૦૦	મુંબઈની કુલ દશ લાખ માણસની વિસ્તી મધ્યેથી માંસભક્ષકોને આ પ્રમાણે રતલ ૭૮૬૦૦ માંસ જોઈયે છે.
મેંઢા અને બકરાંનું	૫૨૨૦૦	
ભેંસનું	૪૫૦૦	
	૭૮૬૦૦	

માખણ અને ઘી હિંદુસ્થાનના લોકોમાટે પરદેશથી આવે છે તેની વિગતઃ—

સને	૧૮૮૫-૮૬	૧૮૮૬-૮૭	૧૮૮૭-૮૮	૧૮૮૮-૮૯
ઘી	૬૮૧૭૨	૭૦૩૪૩૨	૬૮૬૫૫૮	૧૦૧૩૪૬૨
માખણ	૧૬૫૩૩૫	૨૪૪૦૫૧	૩૦૭૪૭૨	૩૦૦૬૮૬
પનીર	૩૯૫૩૫૧	૩૯૩૭૭૩	૪૬૧૭૦૨	૪૮૩૭૩૬

ચાર વર્ષમાં ઘીનો વધારો ૪૮ ટકા, માખણનો ૮૧ ટકા ને પનીરનો ૨૨ ટકા થયો છે.

દુનિયાના ઘણા ખરા ભાગોમાં દૂધની કીંમત ૨૦૦ ટકા, ઘીની ૧૫૦ ટકા અને બળદની ૩૦૦ ટકા વધી છે.

બેલજીયમ જેવા ખેતીવાડીના દેશો, કે જે મદ્રાસ અને મુંબઈ ઇલાકા કરતાં વધારે મોટા નથી, તેઓ ઘી અને માખણ નિકાશ કરવાનો બહોળો વેપાર આપણા એશીઆખંડમાં ચલાવેછે, ત્યારે હિંદુસ્થાન (કે જે રશિયા અને તર્કી યુરોપમાંથી બાદ કરીએ તેની બરાબર છે તેને) ખેતીવાડીનાં ઢોરો ઘટી જવાથી ઘી, માખણ અને પનીર પોતાના ખોરાકસારૂ આયાત કરવાની ફરજ પડેછે.

દૂધ વગર બાળકોનાં મોટી સંખ્યામાં મરણ.

હવે સવાલ ફક્ત આપણી તંદુરસ્તી સંબંધી છે. મોઘું અને ખરાબ દૂધ મળવાથી હિંદુસ્થાનમાં નાનાં બાળકોનાં ઘણાં મરણ નિપજે છે, તેની વિગતઃ—

મુંબઈમાં ૪,૦૮,૪૦૯ માણસોના મરણની અંદર પાંચ વર્ષ અંદરની વયના બાળકો ૪૫ ટકા અથવા ૧,૮૩,૦૦૦ મરણ પામેછે.

મદ્રાસમાં ૬,૫૦,૩૩૫ માણસોના મરણની અંદર, એક વર્ષની ઉમરના બાળકોમાં મરણની સંખ્યા ૧,૪૧,૭૯૨ ની ગણવામાં આવે છે.

મધ્યપ્રાંતોમાં અર્ધા ભાગથી પણ વધારે, પાંચ વર્ષની ઉંમર અંદરનાં છોકરાંઓનાં મરણ નિપજ્યાની ગણતરી થઈ છે.

દરેક માણસની વાર્ષિક પેદાશ.

પેદાશ વિષે સર ઈ. બેરીંગ બેંગાલ તેનનશી બીલ ઉપર એક મોટું વ્યાખ્યાન આપતી વખતે બોલ્યો હતો કે, નીચેના આંકડાઓ કરતાં, બીજા કોઈ આંકડાઓ હિંદુસ્થાનના ખેડુતોની નબળાઈ અને ગરીબ હાલત, જાહેરમાં લાવી શકશે નહિ.

મધ્ય પ્રાંતો	રૂ. ૨૦.૯.	મદ્રાસ	રૂ. ૧૭.૩.
મુંબઈ	રૂ. ૨૦.૨.	બેંગાલ	રૂ. ૧૫.૧.
પંજાબ	રૂ. ૧૭.૧.	વાયવ્ય પ્રાંતો	રૂ. ૧૪.૮.

આવી ઘણી કંગાળ અને ગરીબાઈવાળી પેદાશ, હિંદુસ્થાનને થાયછે. તે દુર્દશા ટાળવા તનદુરસ્ત જાનવરો પુરાં પાડવાના અને તેઓની જીંદગી સુધારવાના ઉપાયો લેવાની આ મંડળીની અરજી છે તે કોણ ના પાડશે? (ભાષાન્તર.)

गोरक्षा-संगीत.

गायनी प्रातःस्तुति.

(પ્રભાત—ભૈરવ.)

"ઉઠ પ્રભાત નિત સમરિયે શ્રીગણેશ દેવા"—એ રાહ.

જય જય જય ગાય માય, સકલ સુખકારી,
પ્રાત સમે પ્રણમિ કરૂં, પ્રાર્થના તમારી. —જય૦ ૧
નિર્મળ નિરખી સ્વરૂપ, અતુલ ઉપકારી:
હૃદયમાં દયા ન માય, જાઉં બલિહારી.—જય૦ ૨
×પુનિત ને પ્રતાપિ તુંજ, તુંજ સાચ્ચકારી;
તુંજ *પુંજ પુણ્યનો, બરોબરી ન તારી.—જય૦ ૩
‡ કિટકથી †કરી સરીખ, સકળ દેહધારી;
જન્મથકી મૃત્યુ લગી, તુજને આભારી. —જય૦ ૪
ધર્મશાસ્ત્ર અર્થશાસ્ત્ર, સ્તુતિ કરે તારી:
સહસ્ત્ર જિભે શેષ વદે, તોય જાય હારી.—જય૦ ૫
ગાય સેવના અપાર, લાભ આપનારી;
ઉભય લોક ભય ઉતાપ, પાપ કાપનારી.—જય૦ ૬
વિશ્વપોષિણી વિલોકી, સુંદર છબિ તારી;
કાન ઉરાનંદ વૃંદ, છંદમાં ઉતારી.—જય જય૦ ૭

(ગરબી.)

"મારા રે સ્વામિ બોલાની વ્હાલા"—એ રાહ.

લાગે મને ગાય તું ઘણી વા'લી, આ ગોરી ગરીબ ને ગુણવાળી:
(ટેક)

તારૂં રૂપ મને રૂડું લાગે, મુખ જોતાં ભૂખ બધી ભાગે.—લાગે.
ધોળું અંગ ને શિંગડીઓ કાળી; આંખ રાંકડી કાળી હેતાળી.—લાગે.
તારે કંઠે ઘંટડી ઘણઘણતી; ચારે ચરણે ઝાંઝરી ઝણઝણતી.—લાગે.
ગોવાળેથી પાછી તું વળતી; ત્યારે ભાં ભાં ભાં ભાવે ભણતી.—લાગે.
આપે ઉથલો વાછરૂ થનથનતાં; પેસે પોળમાં પ્રેમે તું તે સુણતાં.—લાગે.
હીંડે હરખે ઉછળતી તું ઘેલી; તો એ કોને મૂકે ન તું કદી હેલી.—લાગે.
વાટે બેઠાં બાળ બચાવી લે; એવી ડાહિ દયાળુ તું દીલે.—લાગે.
મારનાર ઉપર પણ તું ભારે; નથી કરતીજ રીસ અતિશ ક્યારે.—લાગે.
તેં તો ધર્મનો મર્મજ પરમ લહ્યો; ગૂઢ ગરીબપણાનો ગુણ ગ્રહ્યો.—લાગે.

× પવિત્ર. *ઢગલો. ‡કીડા. †હાથી.

તું તો રોજ પરોપકારે રાજી; તારો જશ જગમાં છે રહ્યો ગાજી.
લાગે.
તું ધોળી ને ધોળું દુધ તારૂં; ગુણકારી સ્વાદભર્યું સારૂં.—લાગે.
દહીં દુધ ઘી માખણ ને છાસ; જેમાં સર્વે સ્વાદતણો વાસ.
લાગે.
એ પાંચે અમૃત પૃથ્વીપર જે; તે અમ અર્થે તું તો સરજે.
લાગે.
બરફી ને પેંડા ને માવો; બાસુંદી શિખંડનો બહો લ્હાવો.—લાગે.
તે તો તારી પ્રસાદી એ સુખદાતા; ગાયમાતા તું સાચીજ છે
માતા.—લાગે.
તારા પ્રેમનો પાડ હું કેમ વાળું; આવ આવ હું હેતે પંપાળું.—લાગે.
તારી શિંગડી સુંદર શિંદુરે; રંગી સોને સણગારૂં હું રે.—લાગે.
કરી ચાંદલો ને ચોખા ચોડું; ફુલ હાર પહેરાવી નિરખું મોઢું.
લાગે.
તારૂં ઝગઝગતું જ્યોતિજ સરખું; મુખ નિરખું હરખું ને નિરખું.
લાગે.
ધન ધન ધેનૂ રૂપ ગુણ ધામ; ગુણ ગાયના ગાય નવલરામ.
લાગે.

સદ્‌ગૃહસ્થોને સૂચના.

(પદ—ધનાસરી—બરવો.)

"નિર્ધનકો ધન રામ, હમારો નિર્ધનકો ધન રામ"—એ રાહ.
ગોબ્રાહ્મણ પ્રતિપાળ, સુજનો ગોબ્રાહ્મણ પ્રતિપાળ. (ટેક)
સુણો શુદ્ધ શ્રદ્ધા લાવીને, તરૂણ વૃદ્ધ ને બાલ;—સુ. ૧
'જય ગોપાળ' ભણાય તમોને, ધાર્મિક વચન વિશાળ;
ગોપાલક બનવું તે માટે, ધરિ ઉરમાં શુભ ખ્યાલ.—સુ. ૨
આર્યખંડ એ આર્ય જનોનું, શ્રેષ્ઠ-સ્થાન-નિર્મળ;
આજ થયું ગોવધ પાતકથી, ક્યમ ન કરો સંભાળ?—સુ. ૩
લાભ અતિ લાખેણા આપે, વણ વાચા લાચાર;
પાળક જનને ન્યાલ કરે પણ, કોને નહિ દરકાર!—સુ. ૪
રસ કસ ઘટી ગયા પાતાળે, થયા રંક કંગાળ;
બાળપણામાં કાળ બને છે, દુષ્કર સમય *કરાળ!—સુ. ૫
હજી સંપિ સહુ એક ચિત્તથી, કરો યત્ન સુખકાર;
કાન બને દેશોદય નિશ્ચય, સુખનાં ખૂલે દ્વાર.—સુ. ૬

* ભયંકર.

(ગરબી.)

"આવો હરિ શિવશંકર ભોળા"—એ રાહ.

પાળો પાળો ગાયો સૌ પ્રીતિ, ભાળો ભલા લાભો નવનીતે;—પાળો.(ટેક)
પૂરે કામધેનુ સહુ કામ, ગવાયું ગ્રંથ વિષે નામ;
વેનુવણ કંઈ ન પવિત્ર ધામ,—પાળો પાળો ગાયો સૌ પ્રીતિ. ૧
ઘોડાં ટાડાં વાંદરાં ને શ્વાન, પાઈ પય પુષ્ટ કરે શ્રીમાન;
કહો પણ શું કરે એ કલ્યાણ?—પાળો પાળો ગાયો સૌ પ્રીતિ. ૨
ચરી *તૃણ ગુણ અગણિત કરે, દહીં દૂધ માખણ ઘૃત ભરે;
અંતે તન તાપ અગાધ હરે,—પાળો પાળો ગાયો સૌ પ્રીતિ. ૩
તારે ભવસાગર થઈ ત્રાતા, ભીડે-કરે સાહ્ય જાણે ભ્રાતા;
માતા પેરે અવિચળ સુખદાતા,—પાળો પાળો ગાયો સૌ પ્રીતિ. ૪
ભણી ગણી અર્થ વિચાર કરો, ઘણા ગુણનો એ અખૂટ ઝરો;
ખરાં સુખનું દ્વાર શું વિસરો?—પાળો પાળો ગાયો સૌ પ્રીતિ. ૫
દુઃખી દશા જાય દરિદ્રપણું, બને હિંદનું હીત નિત્ય ઘણું;
ખુલે ભાગ્ય કાન ત્યારે આપણું,—પાળો પાળો ગાયો સૌ પ્રીતિ. ૬

ગોસેવાની મહત્તા.

(૫૬—ગરબી.)

"વાંસલડી વેરણ થઈ લાગી રે, વ્રજની નારને"—એ રાહ.

સહુ નરનારી, ગાયતણું ગુણગાન કરી સુખ માણીએ;
ભવસાગર આ, તરવાનું સાધન ગોસેવન જાણીએ. (ટેક)
જન જન્મથકી પયપાન કરે, તર †તક્ર જમી બળ શુદ્ધ ધરે;
અન્ન-વસ્ત્ર સજી એથી ઉધરે,—સહુ નરનારી. ૧
શીતળ નિર્મળ મુખડું રૂડું, કદિયે ન કરે કોનું કૂડું;
ઉર શાન્ત વિશાળ અતિ ઉંડું,—સહુ નરનારી. ૨
અણિયાળી કાળી આંખલડી, પીળી રાતી શુભ જાતલડી;
કોઈ જાડી ઝાઝી પાતળડી,—સહુ નરનારી. ૩
રક્ષણ એનું તે આપણનું, જર મુક્યું જાણે થાપણનું;
પણ થેલીપર તાળું મણનું!—સહુ નરનારી. ૪
એ વૈતરણી તીરે તારે, યમ મારે ત્યાંથી ઊગારે;
હે શાસ્ત્ર શાખ જેની બારે,—સહુ નરનારી. ૫
પાલન પોષણ રક્ષણ કીજે, શુભ લક્ષણ સેવાનાં લીજે;
ઝટ કાન સરસ અમૃત પીજે.—સહુ નરનારી. ૬

*ઘાસ. †છાશ.

गोहिंसकोनी क्रूरता.

(ગરબો.)

"વાંસલડી વાગી ને હું જાગી"—એ રાહ.

અરે થાય ગાયનો આજ વિનાશ,
કરો સહુ તેતણી તુરત તપાસ. (ટેક.)
ખરેખર ક્ષીરનો ગાય સમુદ્ર,
પિછાણે પણ તે નહિ *મતિક્ષુદ્ર;
મારે કાપે મૂરખ મૂઢ અબુદ્ધ.—અરે થાય. ૧
પારસમણિ જગદંબા એ જરૂર,
પૂરે આશ અનજળ આપી મધુર;
એવી ઉપકારીને મારે છે ક્રૂર.—અરે થાય. ૨
†કલ્પવૃક્ષ કામદૂધા સુરધેનુ,
આપે મનવાંછિત સુખ મઝેનું;
રક્ષણ પણ કેમ બને નહિ એનું?—અરે થાય. ૩
કસાઈ કેર કરે છે અકારો,
ખરે પણ તેમાં છે વાંક તમારો;
કારણ જાણી ક્રૂરતા કાં ન નિવારો?—અરે થાય. ૪
પાળે તેવી જાતિ નથી એ જણાતી,
નથી ગાયો એમને ઘેર વિયાતી:
લાવે ધન નિર્ધનને દઈ ધાતી.—અરે થાય. ૫
તિલક માળ ઉપવિત અંગ ધરીને,
પાળકપણું દાખવી ગાય હરીને;
વેચે નીચ રંક જનો છેતરીને.—અરે થાય. ૬
હિંદુભાઈ પારસી તેમ ઇસાઈ,
મુસલમિન જનસું બાંધો મિત્રાઈ:
કરો ગોરક્ષણ મૂકી જુદાઈ.—અરે થાય. ૭

गोरक्षामाटे बेदरकारी.

(ગરબો.)

"મોહલે પધારો મહારાજ, માણીગર મોહલે"—એ રાહ.

સહુ સાંભળો શિક્ષા સાર, સજન જેમાં હીત તમારૂં;
થાય સુખમય આ સંસાર, માનો એક વાયક મારૂં. (ટેક.)

* હલકી બુદ્ધિવાળા. † મનગમતાં ફળો દેનારૂં સ્વર્ગનું ઝાડ.

ગોબ્રાહ્મણ પ્રતિપાળનું, નામ ધરાવો આપ;
'જયગોપાળ' વળી વંદો, અતિ ઉત્તમ શબ્દ અમાપ.—સ. ૧
પણ એ નામ પ્રમાણમાં, થતાં નથી કંઇ કાજ;
ગાય ગરીબ રીબાયછે, તેની દિલ ન મળે કંઈ દાઝ.—સ. ૨
ગાડી વાડી લાડીમાં, થઈ મહા મગરૂર;
પોષી નિજના પંડને, માનો પાખંડ અવર જરૂર!—સ. ૩
ધનમદથી થઈ આંધળા, ન કરે જન કલ્યાણ;
પરોપકાર સુકર્મની, મોજ માણે ન ખળ પાષાણ.—સ. ૪
ખાતાં પીતાં ખેલતાં, ખોય દિવસ ને રાત;
ગંદિ દેહના છંદમાં, કરે મમતા ભર્યા ઉત્પાત!—સ. ૫
ગોસેવા કરવાથકી, તરે સકળ સંસાર;
સફળ થાય આ જન્મ પણ, જડ જનને સમજ ન લગાર.—સ. ૬
દેશ ગયો દોલત ગઈ, ગયાં રાજ ને તાજ;
અન-જળના સાંસા પડ્યા, રાખે ઈશ્વર તો રહે લાજ!—સ. ૭
વ્યર્થ તમાસા તાનમાં, ખંતે ખરચે વિત્ત;
લડે અદાલત ધીટ થઈ, ધિક્! પુણ્યમાં ન મળે પ્રીત—સ. ૮
વ્યાપારે વણશે કદી, દરિયે ડૂબી જાય;
ચોરો ચોરી જાય કે, આગ લાગતાં હાણી ખમાય!—સ. ૯
પણ શુભ કામે પાઇ પણ, વાપરતાં દુખ થાય;
વાતો વડી વદાય છે, જાતે નિભેખ્યે જશ ન લેવાય.—સ. ૧૦
જીવ દયાથી સર્વદા, થાશો પરમ પુનીત;
જશે દુર્દશા દેશની, પ્રભુ પ્રેરશે સુમતિ *ત્વરીત.—સ. ૧૧
વાણી બુદ્ધિ ચિત્તથી, શોધો સાર અસાર;
જીવન કાન સફળ બને, થાય અંતે અવશ્ય ઉદ્ધાર.—સ. ૧૨

गोमंडळनी अरजी.

(ગરબો.)

"ઓધવજી સંદેશો કહેજો શ્યામને"—એ રાહ.

શાણી મહારાણીજી આ અરજી સુણી,
દેશો ગોરક્ષણ પર લક્ષ વિચાર જો;
આપતણો જાણીને પૂરણ આશરો,
ગોમંડળ ઉચ્ચરે નિજનો ઉદ્ગાર જો.—શાણી०
પહેલો દોષ ઘટેછે પાળક આર્યને,
વિક્રય કરતાં લેશ ન કરે તપાસ જો;

* ત્વર

થાય અમારી પ્રાણ હાણ એ સર્વથા,
ધનવાનોને પણ નહિ મનમાં ત્રાસ જો.—શાણી૦ ૨
પામર એવા પાળક નરને પારખી,
પક્ષિ રીતે આપો એ ઉપદેશ જો;
વિનાશ પામે તેવે સ્થળ જે વેચશે,
ધારાથી શિક્ષા થાશે *સવિશેષ જો.—શાણી૦ ૩
મુસલમિન ને આર્ય ઇસાઈ ક્લેશથી,
લડે પરસ્પર તેમાં નહિ કંઈ માલ જો;
નિજની ફરજ ગણીને ધંધો બાંધશે,
તો થાશે આ દુર્બળ દેશ નિહાલ જો.—શાણી૦ ૪
દુધ ઘી માખણ શુદ્ધ સરસ મળતાં નથી,
ચરબી ચાક ચિકાશાની થાયે ભેળ જો;
શરીરબળ ને વીર્યવિના નબળાં સહુ,
સંતતિ સારી કેરૂં શૂન્ય મુકેલ જો.—શાણી૦ ૫
ઘી હોમેથી સ્વચ્છ હવા સુખદા હતી,
થાતી વૃષ્ટિ ખેતીને અનુકૂળ જો;
મરકી †મહામારી રોગો જાણ્યા નહિ,
સાત્વિકવૃત્તિ શ્રદ્ધા થઈ નિર્મૂળ જો.—શાણી૦ ૬
ખાતર વગર રસાળ જમીન થતી નથી,
બળદ મળે દુર્બળ ને મોંઘે મૂલ જો;
ખેતીવાડી ઝાડી ઝાંખર થઈ પડી,
મિષ્ટ વસ્તુનાં કપાય છે આ મૂળ જો.—શાણી૦ ૭
પાંચ પંડના પોષણ સારૂ થાય છે,
પચાસનાં પોષણનો ક્ષણમાં નાશ જો;
અર્થ વિચારે મોટો એહ અનર્થ છે,
ધર્મ વિચારે અધર્મનોજ પ્રકાશ જો.—શાણી૦ ૮
વીર્યવિના તો કામ તમામ નકામ છે,
મોક્ષતણું રક્ષાવણ નો'યે વેણ જો;
પ્રેમ અને પુરુષારથ ખોઈ પ્રપંચથી,
દ્વેષ-ક્લેશમાં મચ્યા પચ્યા દુઃખદેણ જો.—શાણી૦ ૯
માંસ વ્યસન વ્યભિચારે છે વૃત્તિ વળી,
ગળી ઘણી લાગે છે નિંદા નીચ જો;

*વધારે. †કોલેરા.

ઐશ્વર્ય આર્ય અભિમાન જ્ઞાન ઊંઘી ગયાં,
ગયો સુજશ તે મળી કપટને કીચ જો.—શાણી૦ ૧૦

ન્યાયી *નયી દયાળુ પૂર્ણ પવિત્ર છો,
તો કયમ ટાળો નહિ પ્રજા પરિતાપ જો;
આપતણી કરૂણાની તો અવધી બધિ,
પસર્યો બુદ્ધિવંતાં આપ પ્રતાપ જો.—શાણી૦ ૧૧

દેશોદયનું દ્વાર ખરેખર ગાય છે,
ગાયવડે છે મોટી ઘરમાં મોજ જો;
વિદ્યા હુન્નર કેળવણી ઉદ્યોગ ને,
ન્યાય સુધારા કેરી નવલી ખોજ જો.—શાણી૦ ૧૨

રક્ષણ સહુનું ગાય કરે છે સર્વદા,
અખિલ વિશ્વને જેનો છે આધાર જો;
તે આભાર વિસારી રહેસી ખાય તે,
ગોહત્યારા મુંજી પતિત અપાર જો—શાણી૦ ૧૩

†જ્ઞાતાને ઝાઝું શું કહેવું વીનવી,
કાન ધ્યાનમાં લેશો તો સહુ સાર જો;
આશિષ દેશું અંતરના સંતોષથી,
ગાશું આપતણા ગુણ વારંવાર જો.—શાણી૦ ૧૪

सर्व संपत्ति गायथीज छे.

(ગરબો.)

"પ્રેમની પ્રેમની પ્રેમની રે મને વાગી કટારી પ્રેમની"—એ રાહ.

ગાય છે ગાય છે ગાય છે રે,
ધન ધાન્યતણું મૂળ ગાય છે.—(ટેક).
પાય છે જે પય માયના સરીખું,
ગુણ તેના તો ગવાય છે રે;—ધન ધાન્ય૦ ૧
ભેંસનું ભારી ને બકરીનું હલકું,
ગાયનું સમાન ગણાય છે રે;—ધન ધાન્ય૦ ૨
વિયાય છે વળી જે નવ માસે,
વૈદકનો અભિપ્રાય છે રે;—ધન ધાન્ય૦ ૩

---

*નિર્વેરી. †સમજુ.

ગાય પોષાય તો ખેતિવાડી ને,
દેશ આબાદિ છવાય છે રે;—ધન ધાન્ય૦ ૪
બળદ મળે વળી બહુ બળવંતા,
સાંતિમાં જે જોતરાય છે રે;—ધન ધાન્ય૦ ૫
ખેતિ ઉદ્યોગનું દ્વાર એ ખરેખર,
આળસમાં અટવાય છે રે;—ધન ધાન્ય૦ ૬
અન્ન-વસ્ત્ર શાક પાક પામો અનુપમ,
કાન સિદ્ધાંત મદાય છે રે;—ધન ધાન્ય૦ ૭

भरतभूमिनी दुर्दशा.

(બંઝારા.)

"મુજે છોડ ચલા બંઝારા."—એ રાહ.

રે ! ભરતભૂમિ રઢિયાળી, રસ કસથી પૂર્ણ રૂપાળી. (ટેક.)

તુજ દશા થઈ શી આજે, દેખી મુજ દીલડું દાઝે:
ભય *ભિરૂતા સઘળે ભાળી-રે ભરતભૂમિ રઢિયાળી. ૧
ક્યાં છે શૂરવીર શિવાજી, બ્હાદુર અકબરશા કાજી;
જે છત્રપતિ મતિશાળી-રે ભરતભૂમિ રઢિયાળી. ૨
તુજ પુત્ર પ્રતાપ અનૂપ, વિક્રમ દેવતા સ્વરૂપ;
ભડ ભોજ †દિલિપ હદ વાળી-રે ભરતભૂમિ રઢિયાળી. ૩
ગોબ્રાહ્મણના પ્રતિપાળ, પ્રેમાળ સુબુદ્ધિ વિશાળ;
દળતા દારૂણ દુખ બાળી-રે ભરતભૂમિ રઢિયાળી. ૪
ખેતી સહુ સુખની ખાણુ, જે આપે પદ નિર્વાણ,
તે વધારતા સંભાળી-રે ભરતભૂમિ રઢિયાળી. ૫
ગોસેવન વર્દ્ધન પ્રીતિ, થાતું પ્રતિનિત્ય સુરીતિ:
પાતક પાખંડ પ્રજાળી-રે ભરતભૂમિ રઢિયાળી. ૬
સુખ સંપત સર્વ ગુમાવી, બેઠા તન ખાખ લગાવી;
કર્મે મળિ ટીલી કાળી-રે ભરતભૂમિ રઢિયાળી. ૭
તુજ તેજ ઝળકવા કાજે, ઇચ્છે જો જન સહુ આજે ;
પ્રભુ કાન દૃષ્ટિ કરૂણાળી-રે ભરતભૂમિ રઢિયાળી. ૮

---

*બીકણપણું. †રઘુવંશમાં "દિલીપાખ્યાન" છે.

स्त्रीओनी फरज.

(ગરબો.)

સારૂં સારૂં રે સુરત શહેર, મુંબઈ અલબેલી"—એ રાહ.

સહુ કામનીનું એ કામ, ગોરક્ષણ કરવું;
નથી અવિચળ આ ધનધામ, છે અંતે મરવું. (ટેક)
મરણતણો ભય નિશ્ચય જાણી, દોષથકી દીલ ડરવું રે;
હિંસક કર્મો હણવા માટે, તન મન ધન વાવરવું-ગો૦ ૧
કાન્તા વચન કવિતા જેવું, મનહર મધુર ઉચ્ચરવું રે ;
જગનું જેમાં હીત સમાયું, એ શુભ પગલું ભરવું.-ગો૦ ૨
સર્વ સુધારા સુખનું સાચું, માનુનિ મૂળ સમજવું રે ;
માનુનિ માન્ય કરે તે માન્યજ, અન્ય પડેછે તજવું.-ગો૦ ૩
સીતા સાવિત્રી દ્રૌપદી ને, અનસૂયા ભોગવતી રે;
પતિસંમતિયે ઉત્તમ કાર્યો, કેવાં નિત્યે કરતી ?-ગો૦ ૪
ગાય પાળવા પ્રેમ ધરો તો, થાએ જલદી ક્ષેમ રે;
એયે બિચારાં ઉત્તમ પ્રાણી, આણો ઉરમાં રે'મ.-ગો૦ ૫
આ સંસારરૂપી સાગરથી, તુરત હોય જો તરવું રે;
'પ્રાણ પ્રમાણે ગાય પાળવી,' નિશ્ચયથી નવ ફરવું.-ગો૦ ૬
લાખો જીવ કસાઈ લે છે, તેનું થાય ઉગરવું રે;
પુણ્યતણો એ પંથે પ્રેમે, કેમ ન કાન વિચરવું ?-ગો૦ ૭

गोसेवा कर्त्तव्य.

(પદ-બેલાવર-ઇત્યાદિ.)

"વનચર વીરારે વધામણી, કહે ક્યાં થકી લાવ્યો"—એ રાહ.

શરમ છે આર્ય સમસ્તને, ભમ્યા ભરમે ભૂલાઈ;
દેશ-કલ્યાણની દીલમાં, દરકાર ન કાંઈ-શરમ૦ ૧
આપ સુખે સુખિયા ગણી, પર પીડ ન જાણે;
રીબાય ગાય ગરીબ તે, ખ્યાલ સ્વપ્ને ન આણે.—શ૦ ૨
ગોચરણોને કારણે, ભૂમી છૂટ મૂકાતી;
ચરતાં પશુ સુખ ચેનથી, શાન્તિ સઘળે જણાતી.—શ૦ ૩
દેશી વિદેશી રાજ્યથી, થઈ બધીઓ ભારી;
વસુ વણ તસુ જગા ના જડે, પશુ રોય પુકારી.—શ૦ ૪

દેશી વિદેશી રાજવી, હજી બંધન કાપો;
ગોચરણોને કારણે, છૂટ જગ્યાની આપો.—શરમ૦ ૫
જંગલ ખાતું ચાલુ થતાં, ગયું મંગળ મૂળ:
ઝાડ કે પાતરૂં ના જડે, ધારાની મહા શૂળ.—શ૦ ૬
તાણ મીઠાની થઇ પડી, કર તે પર બેઠો;
પ્રકૃતિ બગડી પશુતણી, જાગી જોય ન શેઠો.—શ૦ ૭
ખેતિનાં મોટાં મ્હેસૂલથી, ખેડુતો બુમ પાડે;
ઢોર સુખે ન પાળી શકે, વાંક કર્મનો કાઢે.—શરમ૦ ૮
પાળેલાં ઢોરો પિડા થકી, આમ વેચે રીબાઇ;
જાય કસાઈના કર વિષે, એમાં શી છે નવાઇ?—શ૦ ૯
એવી અતિશય અડચણો, લખતાં પાર ના'વે;
સર્વ સંપી પગલાં ભરે, કાન સુયશ સુહાવે.—શરમ૦ ૧૦

गोरक्षानुं गौरव.

(ધોળ—રામગ્રી—ઇત્યાદિ.)

"કુંવરી કુંવર મ્હારાં લાડકાં, કરો મોશાળ વાસ"—એ રાહ.

રક્ષણ કરવા ગાયનું, લહો સદ્ય ઉપાય:
આળસમાં કાળ ગાળતાં, કાંઈ નહિ રે કરાય.—રક્ષણ. ૧
રંકમાં રંક તે ગાય ને, દૂજી *દુહિતા ગણાય;
પાલન તેનું જે ના કરે, પાપી પૂરો મનાય.—રક્ષણ. ૨
દેશનું દ્રવ્ય ઘટી ગયું, ગયું શૂર શરીર:
ધર્મની દૃઢતા ના મળે, વાત એ છે ગંભીર.—રક્ષણ. ૩
મોજ મઝા સુખ ચેનમાં, ખરચે બહુ દામ;
પુણ્યનો પંથ પેખે નહિ, નહિ ધર્મનું ધ્યાન.—રક્ષણ. ૪
વિક્રય કરવો ન ગાયનો, જહાં થાય વિનાશ:
ધારા બાંધો નાત જાતમાં, ટળે હિંસાનો ત્રાસ.—રક્ષણ. ૫
વિપ્ર સુપાત્રને ઓળખી, દેવું ગાયનું દાન;
પાળે પોષે પ્રાણ જાણિને, થાય નહિ નૂકશાન.—રક્ષણ. ૬
ખેતી બને ખૂબીદાર જો, ખૂબ ખાતર હોય;
એવા રસાયન શાસ્ત્રના, હેતુ કોય ન જોય!—રક્ષણ. ૭

---

* દીકરી.

ગાયની હિંસા ન થાય તો, થાય ધરતી રસાળ;
ખાતર ગોવરનું મળે, ફળે તરૂઓ વિશાળ.—રક્ષણ. ૮

બેલ મળે બળવાન ને, વધે વિત્ત વેપાર;
દેશી ઉદ્યોગ જાગ્યા થકી, ભાગે ભાવઠ ભાર.—રક્ષણ. ૯

દૂધ દહિં ઘી સોંઘાં મળે, વળી સ્વચ્છ સુરીત;
આયુષ્ય સુખની વૃદ્ધિ થતાં, કાન મન પ્રફુલીત.—રક્ષણ. ૧૦

(ભુજંગી.)

સુણો દેશિયો સારનો એજ સાર, કરો ગાયની સેવના સુપ્રકાર;
ધરો અંતરે દાઝ પ્રીતિ સહિત, ભરો દ્રવ્ય એ ફંડમાં શુભ રીત. ૧

કરે ગુણ જે ગાય બોલા અપાર, ભણે ભારતી તોય પામે ન પાર;
લખું શું તથાપિ મતિ અલ્પ મારી, ખરે ગાયની ઘાત છે દુઃખકારી. ૨

ઘટ્યાં વિત્ત આયુષ્ય ને શુદ્ધ બુદ્ધિ, મટ્યાં માન મર્જાદ વ્યાપી અશુદ્ધિ;
થયાં સૂખનાં દ્વાર તે સર્વ બંધ, બન્યા છે કુછંદી જનો કૈક અંધ. ૩

મળે ગાયથી દૂધ ને મિષ્ટ માવો, ખરે ખીર ખાતાં ન આવે અભાવો;
અતિ સ્વાદ બાસુંદિ શીખંડ આપે, વધે વીર્ય ને શૌર્ય તેના પ્રતાપે. ૪

મહારોગ ગોમૂત્રથી દૂર થાય, વળી ગોતણાં ચંદને દર્દ જાય;
બને છાણની ગાર ને ખૂબ છાણાં, વળી ખેતિને ખાતથી થાય દાણા. ૫

બને ચર્મ ઊપાનથી પાય રક્ષે, બચે તાપથી તંન તે સૂખ બક્ષે:
કરે અંત સુધી ઘણા ઊપકારો, કૃતઘ્નિ કસાઈ અરે શું વિસારો! ૬

ગણે શત્રુ કે મિત્રમાં ના જુદાઈ, ઉછેરે સહૂને બહુ દુધ પાઈ;
હણી ખાય તેને નગુણા હરામી, નહિં સાંખશે વિશ્વનો નાથ નામી. ૭

(ચાંબખો.)

સહુ જન સ્વારથમાં શુરા, પ્રપંચો એજ રચે પૂરા. (ટેક.)

ગોરક્ષણનું નામ ગમે નહિ, જેમાં જનહિત સાચું;
તન ધન રક્ષણ કરે હમેશાં, પણ તે કેવળ કાચું—સહુ જન૦ ૧

ગાયસારૂ પાઈ આપવી પડે ત્યાં, સીરપેર લાગે રાઈ;
નાચ નચાવી સેંકડો પૈસા, આપે છે હરખાઈ.—સહુ જન૦ ૨

પરમારથ ઉપદેશ પ્રસંગે, અવકાશનું એક બ્હાનું;
બાનુ જોડે બહુ બનતી વાતો, કારણ કંઈ છાનું!—સહુ જન૦ ૩

પરધર્મીને ચ્હાય સુચિત્તે, પરધન પરદાર પ્રીતિ;
પર રીતિ સહુ પ્યારી લાગે, ધન ધન આર્યની રીતિ!—સહુ જન૦ ૪

દોકડિયાંનું દિન રાત રટણ પણ, દોકડિયાંની નહિ બુદ્ધિ;
દોકડિયામાટે દોડી મરેછે, ખોઈ લાજ શરમ ને શુદ્ધિ.—સહુ જન૦ ૫

વેપારમાં નથી સાર લગારે, મુખથી એમ ઉચ્ચારે;
સાચું કહેતાં દેવું પડે પણ, સંચચુ રે'વાનું કયારે?—સહુ જન૦ ૬

તન ધન સુખ સહુ મૂકી અંતે, જાવું કરી જુદાઈ;
કાન કર પરમારથ કંઈ પ્રીતિ, જરા જગ રહે છવાઈ.—સહુ જન૦ ૭

(લાવણી.)

હે આર્ય પ્રજા ને રાય, પોકારે ગાય, કોઈ ઉગારે,
સહુ મ્હોટા કરીને સંપ, ગાયની વારે.—(ટેક)
જન દેશિ જૂજવી જાત, સંપની વાત, કોઈ નવ જાણે,
અતિ ઉંચ લાભ લૂટાય, સહૂ આ ટાણે.

(ઝૂલ.)

વધ થાય ગાયનો વળી મરે વણ ચારે,
નીમકના કરની શૂળ, નડે છે ભારે;
બળદો ને પાડા બન્યા છેક નબળા રે,
ખેતીવાડીની ખોટ, પડી અત્યારે.

વેપારે ન મળે સાર, સર્વ લાચાર દિસે દુખિયારા,
કારણ તેનું કુવિચાર, કરે નહિ ન્યારા.
કરતા હિંસા અટકાવ, પૂર્વજો પ્રીતિ,
તે રીત કીર્તિ કહો, આજ કો જીતે?

(ઝૂલ.)

સુરભી સ્વર્ગથી ભૂપ દિલીપે આણી,
કરિ સેવા તન મન થકી રાય ને રાણી;
ગાયો રાજા દશરથે ગોરની ચારી,
વળિ થયા આપ ગોપાળ કૃષ્ણ મોરારી.
એ દૃષ્ટાંતે શુભ આજ, કરો કંઈ કાજ, કાં ન સબળા રે—સહુ૦

जीवदया अने जैनो.

(પદ—ધનાશ્રી.)

"કબ સમરોગે રામ, અબ તુમ."—એ રાહ.

જીવ દયા પ્રતિપાળ, જૈન સહુ જીવ દયા પ્રતિપાળ; (ટેક.)
પ્રાણિમાત્રના પ્રાણ બચાવો, એ મોટો ઉપકાર.—જૈન૦ ૧
તે માટે તમને કંઈ કહેવા, ઈચ્છું છું આવાર.—જૈન૦ ૨
કસાઈ કર વધ થાતાં ઢોરો, ગાય બળદ સુખકાર.—જૈન૦ ૩
હામ ધરી શુભ દામ દઈને, લાવોછો સુવિચાર.—જૈન૦ ૪
પણ સૂક્ષ્મ દૃષ્ટિથી જોતાં, એમાં હાનિ અપાર.—જૈન૦ ૫
લુચ્ચા જનને મદદ મળે છે, વધૂ કરે વેપાર.—જૈન૦ ૬
લાવે બીજાં ઢોર વિશેષે, ધન સાધન તૈયાર.—જૈન૦ ૭
માટે શું કરવું તે કહુંછું, અલ્પમતિ અનુસાર.—જૈન૦ ૮

(સાખી-મરાઠી ચાલની.)

ઘાટ વગેરે દેશાવર જ્યાં, ઢોર ઘણાં નિપજે છે;
લાવે ક્રૂર કસાઈ ત્યાંથી, કોઈ નહિ સમજે છે. ૧
ઢોંગી વેષ ધરિ બ્રાહ્મણનો, લોભી જન લલચાવે,
વેચે †વધસ્થાનકમાં નિશ્ચે, તેને કોણ બચાવે? ૨
તે માટે જો ઘાટતણો કંઈ, રૂડો ઘાટ ઘડાય:
કોઈન વેચે ઢોર કદાપિ, એવા બંધ બંધાય. ૩
બચે બિચારા લાખો જીવો, અંહિ ન આવવા પામે;
જૈન સહુનો સુજશ જગમાં, જરૂર ઝાઝો જામે. ૪
બોધક નરને મોકલવા ત્યાં, ને વળિ જાતે જાવું;
મુખ્ય જનોની કરી મંડળિ, પ્રાણીરક્ષક થાવું. ૫

(સવૈયા—એકત્રીશા.)

જૈન ધર્મની જે મતલબ તે. એ ઉપાયે પડશે પાર,
માટે મિત્રો કમર બાંધિને, થાવું તુર્ત ઘટે તૈયાર.
અનાથ પ્રાણી પાલક ઘર રહિ, ઘણી તરેહ કરશો ઉપકાર;
ખેતીની થાશે આબાદી, વેપારે પણ લાભ અપાર. ૧

---

†કસાઈખાનું.

જશે દુર્દશા દેશતણી ને, નિશ્ચે થાશે જગકલ્યાણ;
ફરી ફરી કરગરી કહુંછું, 'જીવદયા' એ છે નિર્વાણ,
પાપમૂળ નિર્મૂળ કર્યું તો, દુઃખફળ સંભવ છેજ નહિ,
પુણ્યપ્રતાપે તનમનધનસુખ, ભોગવશું નિત શાંતિ લઈ. ૨

(હરિગીત.)

ખરચો ખરી ખાંતે કરી, તન મન અને ધન જે તમે,
તે ખરો હેતુ પાર પડશે, સત્ય સમજો આ સમે.
ઈશ્વરતણી કરૂણા થશે, દારિદ્ર દોષો નાશશે,
આ ભરત ભૂમિને વિષે, સુખસૂર્ય પૂર્ણ પ્રકાશશે. ૧

બુદ્ધિ ઘટી શુદ્ધિ ઘટી, વિદ્યા ઘટી વૃદ્ધિ ઘટી,
વીરતા ઘટી ધીરતા ઘટી, ગંભીરતા ઘટી સામટી.
ઘટપટ સમૂળો ખસેડી, ઝટપટ ઉપાયો આદરો,
ઓ હિંદહિતેચ્છુ નરો, કંઈ કામ તો સારાં કરો. ૨

મુલ્તવી રાખે નહિ વળે, પળનો ભરૂસો છે નહિ,
શુભ કામને શુભ શુકન છે, મંડો મરણિયા થઈ સહી;
એક ટેકે એક સંપે, એક ચિત્તે આ સમે;
જે એક પણ ઉપાય લેતે, કાન ઈશ્વરને ગમે. ૩

(ચાબખો.)

નથી એ જીવ દયા કાંઈ, મરેછે જીવ ઘણા ભાઈ. (ટેક.)

પાઈ પાઈથી ધન ભેગું કરીને, છોડવો છો ગાઈ;
મનગમતા દામ લેછે કસાઈ, અસલથી સવાઈ.—નથી એ. ૧
બિજાં ઢોરો બહુ લાવે મજેથી, કેમકે થાય કમાઈ;
પુણ્યને બદલે પાપજ વાધે, મોટી એ મુર્ખાઈ.—નથી એ. ૨
વડી વડી વદવાથી વાતો, દિન નહિ ઉઘડે કાંઈ;
કરિયે યોગ્ય ઉપાયો જયારે, ત્યારેજ સરસાઈ.—નથી એ. ૩
ગોવિક્રય કરનાર જનોની, વ્હારે વળવું ધાઈ;
ખરચો એ ખાતે ધન ખંતે, જેમાં છે સુજનાઈ.—નથી એ. ૪
કસાઈ જો ઢોર પામે નહિં તો, ફેર નહિ થાએ કાંઈ;
પુણ્ય તણા એ પંથ પ્રેમે, કરો ન બેપરવાઈ.—નથી એ. ૫
ઉપવાસાદિક ઉત્સવ કરતાં, ચાતુરમાસે ન્હાઈ;
આ રીતે જીવ રક્ષણ કરશો, તોજ થશે સુખદાઈ.—નથી એ. ૬

(ચાબખો.)

કસાઈ દીલકું દુ:ખાવે, ને ઉલટા પૈસા ઓકાવે. (ટેક.)
પરવશ પંખી લાવે લટકતાં, ઘણી રીતે ફફડાવે;
મારે અફળે પણ કોઈ તેની, ખોડ ન ભૂલાવે.—કસાઈ. ૧
દયા ઉપજતાં દુ:ખી દીલે, કોઇપણ છોડાવે;
ફરી ફરી એમ ઘણી તરે'થી, આપણપર ફાવે.—કસાઈ. ૨
એવા નઠારા નીચ જનોને, ન્યાયથી લે દાવે;
મળે એવો કોઇ માયનો પૂત તો, ફરી ન પાસે આવે.—કસાઈ. ૩
જગકર્ત્તા જગદીશ્વર સહુને, બહુ બહુ રીતે બચાવે;
કાં ન કરો તેમ પ્રાણી રક્ષણ, ભરપુર પ્રેમ ભાવે.—કસાઈ. ૪

अन्नफळनो आहार.

(બરવા—પીલુ-ઇત્યાદિ.)

"ઇસ તન ધનકી કોન બડાઇ"—એ રાહ.

અરજ સુણો સહૂ મિત્ર આ મારી,
માંસ થકી થઇ મોટી ખુવારી;—અ૦ ૧
ખાવાનું ખૂટયું ને ખેતિએ ખૂટી,
માંસને ભક્ષણે લીધાં છે લૂટી;—અ૦ ૨
માંસ કરાવે છે મદિરાનું પાન,
જન જાત જેથકી થાય હેવાન;—અ૦ ૩
જુઠ ચોરી તેમ જારી જુગારી,
બુદ્ધિ બહુધા બનેછે નઠારી;—અ૦ ૪
શાંત ચિત્તે કદી પ્રભુ ન ભજાએ,
સાત્વિક ભાવ સમૂળગો જાએ;—અ૦ ૫
દરદ અનેક રીતે ઉપજાવે,
દુખમાં રીબાવે ને દિલ ગભરાવે;—અ૦ ૬
પીડાય બાપડાં નિર્દોષ પ્રાણી,
હાય ખાવી એ શું છે થોડી હાણી;—અ૦ ૭
પેટનો ખાડો પૂરવા કાજે,
જીવ ઘણા લેવા એ કેમ છાજે—અ૦ ૮
ખુનિ હત્યારૂં એ કૃત્ય નઠારૂં,
કેમ થશે પરમેશને પ્યારૂં?—અ૦. ૯
તજવીજ એવી તમો તજી દેજો,
*નજીસ માંસનું નામ ન લેજો;—અ૦ ૧૦

* અપવિત્ર.

સ્વાદિષ્ટ સુંદર ને સુખકારી,
અન્નનું ભોજન છે ગુણકારી;—અ૦ ૧૧
સસ્તું ને સારૂં ખચિત એ ખાણું,
ખુબી ખરેખરી હું શું વખાણું?—અ૦ ૧૨
થંડા દેશો જે યુરોપતણા છે,
વિદ્યા કૌશલ્યની જ્યાં ન મણા છે;—અ૦ ૧૩
ત્યાંના લોકો મદ્ય માંસને ત્યાગી,
અનફલ ખાય ખરે બડભાગી—અ૦ ૧૪
શાસ્ત્ર રસાયન વૈદક આદી,
શાખ પૂરે અન્નફળની અનાદી;—અ૦ ૧૫
પાંડેનું‡ પકવાન પુસ્તક પ્રેમે,
વાંચી વિચાર કરો દિલ રહેમે;—અ૦ ૧૬
છોડો છોડો છેક માંસનું નામ,
આહારમાં તે શું છે એનું કામ;—અ૦ ૧૭
કુદરત અક્કલ શું સૂચવે છે,
જગત્ બધું અન્ન ખાઈ જીવે છે;—અ૦ ૧૮
અન ફળ ફૂલથી પૃથ્વી રસાળ,
તમને વધાવે ભરી ભરી થાળ!—અ૦ ૧૯
કેમ તેનો ઉપભોગ ન કીજે,
અમૃત મુકીને ઝેર શું પીજે!—અ૦ ૨૦
ખ્યાલ કરી દીલમાં ઝટ ભાઈ,
ભૂલ સુધારવી એ માણસાઇ;—અ૦ ૨૧
ખલકનો નાથ ખુદા મહેરબાન,
આપે બુદ્ધિ થાઓ સહુ ગુણવાન;—અ૦ ૨૨
કુદરતી ઊંચ આહાર છે સોજો,†
રોજ રોજ કાન મારી એ મોજો;—અ૦ ૨૩

(રાગ—કાફી.)

"ભવાની મા કરોની અમ સાર"—એ રાહ.

અન-ફળ-શાકજ સેવો, છોડો માંસ અહાર. (ટેક.)
અન-ફળ-શાક અહાર કર્યાથી, અગણિત લાભ થનાર, અન૦ ૧
સદ્ય વિચાર કરો સુખકારક, નિરમીત જે નિરધાર,—અન૦ ૨
ઈશ્વરે માણસને જે આપ્યો, જનમ થકી અધિકાર,—અન૦ ૩
નિર્દોષ પ્રાણિનો વધ કરવો તે, પાપી નીચ પ્રચાર,—અન૦ ૪

‡ ગોરક્ષક મંડળીના તથા વેજીટેરીયન ક્લબના આનરરી સેક્રેટરી શેઠ બેહેરામજી દીનશાહજી પાંડે કૃત "પકવાન પોથી." † સુંદર.

સુગ્ન હિંદુ સહુકો શુભ રીતે, પાળેછે એ આચાર,—અન૦ ૫
પારસિ અંગ્રેજ આદિ સુધરિયા, સમજીને રૂડો સાર,—અન૦ ૬
ગૌ તેમ બીજાં ગુણિયલ પ્રાણી, આપશે લાભ અપાર,—અન૦ ૭
પરદેશી પરધરમી પૂર પ્રીતિ, યત્ન કરે છે આવાર,—અન૦ ૮
હિંસાનો પ્રતિબંધ થાવામાં હીત છે, નિશ્ચળ એજ વિચાર,—અન૦ ૯
સરજનહાર પ્રસન્ન થશે ને, જગમાં થશે જયકાર,—અન૦ ૧૦
શુદ્ધ બુદ્ધિ વધશે ને વિરામશે, દિલના દૂર વિકાર,—અન૦ ૧૧
વગર દવાએ દર્દે દર્દ થાશે, એજ સરસ ઉપચાર,—અન૦ ૧૨
અસુર સરિખા એ ઘાતકી કૃત્યમાં, શ્રેય નથી સુખકાર,—અન૦ ૧૩
સર્વ સંપત્તિનું મૂળ છે સાચું, વિપત્તિનો આધાર,—અન૦ ૧૪
તરફડે રંક દુઃખી દીન પ્રાણી, જળરહિત મીન લાચાર,—અન૦ ૧૫
આપણે જો એ જગોપર હઈએ, થઈએ કેવાં બેજાર? અન૦ ૧૬
તનની ત્વચા મળમુત્ર થકી પણ, અંતે કરેછે આભાર,—અન૦ ૧૭
તે સઘળું વિસરી થઈ પાપી, કરીએ કેમ પ્રહાર,—અન૦ ૧૮
આપણું પોષણ નિત્ય કરે છે, ઈશ્વર અધમોધ્ધાર,—અન૦ ૧૯
ત્યમ આપણે એમની ભણી જોવું, કરિ કરૂણા વિસ્તાર,—અન૦ ૨૦
કાન લગાડિને તાન હવે શુભ, વખત ન ખોવો લગાર,—અન૦ ૨૧
સ્વાદ એનો એકવાર અનુભવી, ધરશો પૂરણ પ્યાર—અન૦ ૨૨

(પદ—લાવણી.)

"નારાયણ નરસિંહ નરોત્તમ પુરૂષોત્તમકો ધ્યાન ધરો" એ રાહ.

અન ને વનનાં સુંદર ફળ પર, જીવન પ્રાણી માત્ર તણું,
દુધ દહીં ઘી શ્રેષ્ઠ પદારથ, પુષ્ટ કરેછે તંન ઘણું—
અન ને વનનાં. ૧

વેલાતમાં વેજિટેરીયનનું જૂથ બહુ જામ્યું મોટું,
જોઈ ફાયદા અદા કરે—અભિમાન નહિ આણે ખોટું—
અન ને વનનાં. ૨

ધર્મતણો કંઈ નથી અનાદર, આદર ઓર અતિ થાશે;
જીવ બિચારા જે બચશે તે, વણ વાચાએ જશ ગાશે!—
અન ને વનનાં. ૩

પ્રાણ સહુ જગ રક્ષણ કારણ, ભક્ષણ એ ઉપયોગ નથી:
વાઘ વરૂને યોગ્ય પરંતુ, માણસને સરજેલ નથી—
અન ને વનનાં. ૪

કાનુન કુદરતનો તોડે તે, ગુન્હેગાર મોટા થાએ;
પક્ષપાતની વાત નથી કંઈ, બાત વિચારો મન માંહે—
અન ને વનનાં. ૫

રંક બાપડાં જીવ તરફડે, દયા તેતણી દિલ લાવો:
દૃષ્ટે પડતાં દીલ દુખે તો, કેમ અનર્થ કરો આવો.—અન ને
વનનાં. ૬

હાડ માંસ મુડદાંનાં ચૂસે, કાળરૂપ કાપી ખાએ,
ખુદા ખરેખર ખફા થાયછે, શાણા સમજે મન માંહે—અન ને
વનનાં. ૭

ચેતો ચેતો મિત્રો માટે, માંસ મદ્ય માંડી વાળો:
પૂળો મુકો એના મોંપર, કાન સરસ સુખડાં ભાળો.—અન ને
વનનાં. ૮

(પદ-ધનાસરી-બરવો.)

"કબ સમરોગે રામ, અબ તુમ કબ." એ રાહ.

અન ફળનો આહાર, જનને અન ફળનો આહાર;
નિભે જગત અન ને ફળ ઉપર, કોણ કરે હનકાર:—જનને૦ ૧
અગણિત અન ફળ તણા ફાયદા, સદા કરે આભાર;—જનને૦ ૨
અન ફળને લાયક માનવ તન, કીધુંછે કિરતાર:—જનને૦ ૩
બાગ બગીચા વાડિ ખેતરે, ખુબ ભર્યો ભંડાર;—જનને૦ ૪
શીતળ જળનાં ફળ સુખદાયક, અમૃત સમ ઉદગાર;—જનને૦ ૫
વીર્ય શૌર્ય ને બુદ્ધિ વધારે, ધન સાધન નિરધાર;—જનને૦ ૬
હિંસક જન નિજનું હિત ખોવે, બાંધે પાપ અપાર;—જનને૦ ૭
નસ લોહી ને મળમૂત્રાદિક, એમાં શો છે સાર?—જનને૦ ૮
તાવ સંધિવા થાએ મરડો, અંતરગળ અતિસાર;—જનને૦ ૯
માનવી તેમ પશુના પિંડે, વિધ વિધ દરદ વિકાર;—જનને૦ ૧૦
દુઃખ દરદ ને વૈદ વધ્યા બહુ, ઘર ઘર લોક બિમાર;—જનને૦ ૧૧
કારણ સહુનું માંસ મદીરા, મારે આગમ માર;—જનને૦ ૧૨
અધિક કહું શું હું અલ્પમતિ, તજો એ અનાચાર:—જનને૦ ૧૩

(સાખી—મરાઠી ચાલ.)

ગોસ્પંદો જે પશુ બિચારાં, થર થર થર થર કંપે:
કતલ સ્થળનો મારગ લેતાં, પળ પણ એક ન જંપે,
દુઃખ છે બહુ ભાઈ, કરો તે તોલ મનમાંહી. ૧
શૂળી સરખું સંકટ એનું, પળમાં પ્રાણ હરેછે;
ભાગે નાસી ભયથી ત્રાસી, શાપ ઘણા ઉચરેછે,
ખરેછે નિર આંખે, અવાચક રંક તે સાંખે. ૨

બહુ બહુ પશુ કરે ઉપકારો, હાડ ચામ દુધ દહીં આપે,
ભાર વહી આભાર કરેછે, શીત તાપ સંકટ કાપે:
બિજાં પણ બહુ પ્રાણી, ખરેખર ગુણુની ખાણી. ૩
બહમન અમશાસ્પંદ જે મોટો, ગોસ્પંદોનો નાથ;
કતલનાં કાળાં કરમોથી, કંપેછે દિન રાત,
વિવેકે વાત તમે, વિચારો સત્વર આહ સમે. ૪
ગોસ્ત હરામ કીધું'તું પોતે, પેગમ્બર જરથોસ્તે,
દાદાર હોરમજદના હુકૂમો, મહજબ રસ્તે જો તે,
કહું શું કવિતાથી, નથી કંઈ વાત નવિનતાની. ૫
જીવન ચાર દિવસનું ચટકું, માથે મોત ભમેછે;
દોષ કરે તે દોજખ પામે, જમના માર ખમેછે,
ખરેખર હિત ઇચ્છો, છોડી દો માંસનો પિચ્છો. ૬
જીવ સહુના સરખા જાણી, કદી ન કરવી ઘાત;
આપણી એવી વેળા આવે, કેવી પડે પંચાત.
ઉગારે ઇશ ધણી, અહો કરૂણા સહુ તેહ તણી. ૭

(બંઝારા.).

"મુજે છોડ ચલા બંઝારા"—એ રાહ.

જન જુઓ જરૂર વિચારી, છે માંસ-મદ્ય દુખકારી.—(ટેક)
ખુદ ખાન પાનની ચીજો, કુદરતની ખરી ખનીજો;
ખાઓ તે ખુબ સુધારી,—છે માંસ મદ્ય દુખકારી. ૧
અંજીર અનારસ દ્રાખ, સૂરણ કેળાં વંત્યાક;
કેરીની ખુશબો ન્યારી,—છે માંસ મદ્ય દુખકારી. ૨
કંઈ ભાત ભાતના ભાતો, કંઈ રસિક દાળની જાતો;
શુભ શાકની લહેજત સારી,—છે માંસ મદ્ય દુખકારી. ૩
વિધ વિધ ભજીઆં ને ભાજી,—ઘેવર ને ધારી તાજી;
પૂરી કુરસી ને ખારી,—છે માંસ મદ્ય દુખકારી. ૪
બાસુંદી ખીર શીખંડ, બરફી પેંડા સુખકંદ;
પકવાન પ્રસાદી પ્યારી,—છે માંસ મદ્ય દુખકારી. ૫
શુભ ચટણી અથાર કેઠાળ, શુભ શેરડી સાકર ગોળ;
જગકર્તાની બલિહારી,—છે માંસ મદ્ય દુખકારી. ૬
સૂકો ને લીલા મેવા, સુખ ઉપજાવે છે કેવા;
ખાઓ તે બહુ ગુણકારી,—છે માંસ મદ્ય દુખકારી. ૭

સુભાષિત-લહરી.

રચનાર,

પંચનદી પંડિત શ્રી ગટ્ટૂલાલજી.

(અનેકાવધાની, શીઘ્રકવિ, ભારતમાર્તંડ, વેદાંતભટ્ટાચાર્ય ઇત્યાદિ.)

આ પુસ્તકમાં ઇશ્વરભક્તિ, નીતિ, સાહિત્ય, ગુજરાતી સમશ્લોકી ભગવદ્ગીતા આદિ અનેક ઉપયુક્ત અને મનોરંજક વિષયો જુદા જુદા છંદપ્રબંધ, રાગરાગણી અને પદબંધમાં વર્ણવ્યા છે.

પંડિત શ્રી ગટ્ટૂલાલજી ભરતખંડના ભૂષણરૂપ એક સંસ્કારી (Natural) કવિ છે. એમના કવિત્વની કીર્તિ આખા ભરતખંડ અને યુરોપસુધી એટલી તો પ્રસાર પામી છે કે, તે વિષે વિવેચનની જરૂર નથી. એમની કવિતા તે સાક્ષરતાની પરિસીમા છે. ઉત્તમ કાવ્યામૃતનું પાન કરનારા કાલિદાસ, ભવભૂતિ વગેરે કવિઓ અને ભોજ, વિક્રમ તથા શ્રીહર્ષ જેવા રાજાઓ અદ્યાપિ પણ યશરૂપે અમરજ છે. આવા ઉત્તમ કાવ્યવડે ઇશ્વરસ્તુતિ કરવાથી પાપનો નાશ થાયછે. ગમે તેવી દલગીરી હોય તે પણ તેથી દૂર થઇ આનંદ ઉપજેછે; ને તુરત આનંદ ઉપજાવવો એ કવિતાનું મુખ્ય પ્રયોજન છે. આનંદદાયક બીજા પદાર્થો છે, પણ તેથી કવિતા જેટલો સત્વર આનંદ ઉપજતો નથી. વ્યવહાર અને દુનિયાંદારીનું જ્ઞાન, સુજનોની સુખદુ:ખમાં વર્તણુક, ગરીબોની દયા, કપટી લોકોને મળતી શિક્ષા, વગેરે બાબતો કવિતાથી ઝટ સમજી શકાય છે. કાન્તાની પેઠે કવિતાથી કરેલો ઉપદેશ, સ્નેહ ઉપજાવી સારી પેઠે ખીલી નીકળે છે ને ઘણી સારી અસર કરેછે. વળી સર્વ સમયોના ને સર્વ જાતના વ્યવહારોમાં તો કવિતા સવિતા (સૂર્ય) જેવી છે. સત્કવિઓના કાવ્યથી વ્યવહારજ્ઞાન પુષ્કળ પ્રાપ્ત થાયછે, ઘણા કાર્યોમાં ઉત્કર્ષ મળેછે અને નહિ બનેલી વાતને તે બનવા જેવી ખરી કરી દેછે. એટલુંજ નહિ, પણ ગમે તેવો ભયંકર પદાર્થ પણ કવિની વાણીમાં પેસવાથી વિલક્ષણ આનંદ ઉપજાવેછે. જેમ ભરદરીએ

એકાદ નાનકડા વહાણમાં બેઠેલા મનુષ્યને કેટલી બધી ધાસ્તી હોવી જોઈએ, પરંતુ તે બનાવ સુકવિના મુખમાંથી નીકળે તો આનંદકારી થઈ પડેછે. આ ઉપરાંત સમસ્યાપૂર્તિ અને વાક્ચાતુર્યથી કવિતા એવો તો આનંદ ઉપજાવેછે કે, લોકોને તેથી તાજુબી લાગેછે. ને કહેછે કે " જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ ".

કાવ્યપ્રકાશ, સાહિત્યદર્પણ, કાવ્યાદર્શ, ચંદ્રલોક, રસગંગાધર, મહાકાવ્ય, ખંડકાવ્ય, ચંપુ, નાટક, પ્રહસન વગેરે કવિતાને લગતા સંસ્કૃત, વ્રિજ, તથા મરાઠી ગ્રંથોનું આ કવિરાજે એટલું બધું અવલોકન કર્યું છે કે, તે અત્રે લખવું અશક્ય છે. આ લહરીમાં તેમની કવિતા અપૂર્વ છે ને તેમાં સ્વરૂપ, પ્રયોજન, અલંકાર, લક્ષણ, રીતિ, વૃત્તિ, શક્તિ, નિપુણતા કશાની ક્યાશ નહિજ હોય એ દેખીતું છે. વળી મરાઠી મહાકવિ મોરોપંત અને વામનના જેવી દ્વિઅર્થી ચમત્કારીક ગીતિ તથા રઘુવંશ મહાકાવ્યના નવમા સર્ગ જેવું યમક, આપણી ગુજરાતી ભાષામાં આ ગ્રંથદ્વારા પ્રથમજ જોવામાં આવશે.

આ ગ્રંથમાં વળી અકબર બાદશાહના સમયમાં થઈ ગયલા કવિ ગંગ વગેરે વિદ્વાનોનાં રસિક કવિતા પણ દાખલ કર્યાં છે. તેમજ પંડિત ગટ્ટુલાલજીની સુંદર છબિ તેમના ચરિત્ર સાથે આપવામાં આવીછે. સુંદર છાપ, કાગળ અને પાકી બાંધણી સાથે કિંમત રૂ. ૧ પોસ્ટેજ રૂ ૦)–

(ગીતિ.)

સરસ સુભાષિત-લહરી, હરી પરીતાપ આપશે તરવા;
કવિમુખ કમલ વિકાસી, મન મધુકર નિકર મોદ ભર ભરવા ॥૧॥

પ્રસિદ્ધ કર્તા,

કહાનજી ધર્મસિંહ,

ચંપાગલી–વિઠ્ઠલવાડી, મુંબઈ.

શ્રીપરમપદબોધિની.

યોગ, સાંખ્ય, ભક્તિ, અને વેદાંતની સમજ આપનાર આ અતિ ઉત્તમ ગ્રંથ છે. એમાં યમ, નિયમ, ચોરાસી આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ, મુદ્રા વગેરે હઠયોગ અને રાજયોગની પુષ્કળ પ્રક્રિયાઓ સ્ફુટ કરી વર્ણવી છે. એટલુંજ નહિ, પણ તેની પ્રથમાવૃત્તિ જલદીથી ખપી જતાં, આ બીજી આવૃત્તિમાં પિંડબ્રહ્માંડનો વિવેક, સાંખ્યસાર, સર્વસાર-નિરૂપણ, આત્મજ્ઞાનની અસરકારક કવિતાઓ તથા કર્ત્તા મહાત્મા શ્રી નથુરામ શર્માની ભદ્રા મુદ્રા યુક્ત સુંદર છબિ અને ચરિત્રનો વધારો કર્યો છે. આ ગ્રંથ વિષે સુદર્શન (પ્રિયંવદા), સત્યવક્તા, જામે જમશેદ, મુંબઈ સમાચાર, વગેરે પત્રોએ ઘણા સરસ અભિપ્રાય આપ્યા છે. સુંદર છાપ, કાગળ, અને પાકી બાંધણીસાથે મૂલ્ય રૂ.૧ પોસ્ટેજ ૦)-

પ્રજ્ઞાચક્ષુ પંડિત શ્રીહૂગલાલજી લખે છે કે,

(દોહરો.)

ગ્રંથ પરમપદબોધિની, યોગશાસ્ત્રનો સાર;
મુક્તિઇચ્છુ ભવભીત જન, વાંચો કરી વિચાર ॥ ૧ ॥

પ્રસિદ્ધ કરનાર,
કહાનજી ધર્મસિંહ,
ચંપાગલી, વિઠ્ઠલવાડી, મુંબઈ.

સુબોધ–ગરબાવળી.

આ લઘુ ગ્રંથમાં સ્ત્રીઉપયોગી નીતિ ભક્તિ તેમજ વ્યવહાર સંબંધી બોધકારક અને મનોરંજક અનેક ગરબાઓ દાખલ કર્યાછે; ને તેની રાહ જેમ જાણીતી તેમ વપરાતી લીધીછે. આમાંની કેટલીક કવિતાનો સ્ત્રીબોધ, સ્ત્રીસદ્બોધરત્ન, બુદ્ધિપ્રકાશ અને અબળામિત્ર વગેરેના પ્રવર્ત્તકોએ પ્રેમસહિત સ્વીકાર કર્યો છે. કિંમત રૂ. ૧.

કર્ત્તા,
કહાનજી ધર્મસિંહ,
ચંપાગલી, વિઠ્ઠલવાડી, મુંબઈ.

